EDI

Divya Bhaskar

March 31, 2016
Page No. 2
of City Bhaskar

# ખોરાકની અછત અને બેરોજગારી પર સિટીમાં 36 દેશોના ડેલિગેટનું મંથન



સિટી રિપોર્ટર @ahm_cb

ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન(ઈડીઆઈઆઈ) ખાતે કૃષિ ઉદ્યોગસાહિકતા પર સાત દિવસીય ટ્રેનિંગ પ્રોગ્રામ યોજવામા આવ્યો હતો. જેમાં કિર્ગીસ્તાન, ટ્યુનિશિયા, મ્યાનમાર,ઝામ્બિયા, અફઘાનિસ્તાન, આર્જેન્ટિના, ઈથોપિયા, ફિઝી, સાઉથ આફ્રિકા, ઈન્ડોનેશિયા જેવા 36 દેશોમાંથી 73 સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

ભારત સરકારના વિદેશ મંત્રાલય દ્વારા હાથ ધરાયેલા ઈન્ડિયન ટેકનિકલ એન્ડ ઈકોનોમિક કોર્પોરેશન પ્રોગ્રામ હેઠળ આ કાર્યક્રમ યોજવામા આવ્યો હતો. કાર્યક્રમની પૂર્ણાહૂતિ પ્રસંગે આઈએએસ પંકજ જોષીએ હાજરી આપીને જણાવ્યું હતું કે, ‘આજે વિશ્વ એક સ્પર્ધાનું મંચ બની ગયુ છે. દુનિયા આજે ઝડપથી બદલાઈ રહી છે અને એક બની રહી છે. આ પ્રકારના ટ્રેનિંગ પ્રોગ્રામ સ્પર્ધકોને હાલની સાંપ્રત સમસ્યાઓ શોધવામાં મદદરૂપ થાય છે. ખાદ્યખોરાકમાં કેવી રીતે સમતુલા સાધી શકાય તેના પર હવે ભાર મુકવાની જરૂયાત છે.’

ટ્રેનિંગ પ્રોગ્રામ વિશે વાત કરતા ઈડીઆઈઆઈના ડાયરેક્ટર સુનિલ શુક્લાએ જણાવ્યું કે, ‘આ પ્રકારના કાર્યક્રમો દ્વારા વિકાસ તરફ ગતિ કરી રહેલા દેશોમાં કૃષિ, ઉદ્યોગ અને સેવાના ક્ષેત્રનો વિકાસ સાધી શકે તેના પર ભાર મૂકવામાં આવ્યો હતો. સાથે ભારત દેશના કૃષિ ક્ષેત્રે સાધલો વિકાસ અન્ય દેશોના માટે કેવી રીતે રોલ મોડલ બની શકે તેના પર પણ વિદેશી સ્પર્ધકો સાથે ચર્ચા કરવામાં આવી હતી.’